અપીલ અરજી નં.૬૬/૦૮–૦૯ તા. ૧૮–૬–૦૮

અરજદારઃ શ્રી રાજેશભાઈ કે.શાહ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

***હુકમઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશભાઈ કે.શાહની તા.૮–૫–૦૮ ની અરજીથી બ્લોક નં.૮ ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૩ ડુંભાલ સા.ઈ.ઝોન ઓફિસની બાજુમાં સુરત જે ટીપી સ્કીમ પ્રારંભિક/ફાઈનલ થયેલ ન હોય તેમજ રીઝર્વેશનનો કબ્જો મુળ જમીન માલિકનો હોવા છતાં દબાણ હટાવી દંડ કરવામાં આવેલતે કયા કાયદા અને નિયમો હેઠળ થયેલ છે તેની માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૬–'૦૮ ની અપીલ અરજી નં.૬૬/૨૦૦૮–૦૯

શ્રી રાજેશભાઈ કે.શાહની તા.૮–૫–૦૮ ની અરજીથી બ્લોક નં.૮ ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૩ ડુંભાલ સા.ઈ.ઝોન ઓફિસની બાજુમાં સુરત જે ટીપી સ્કીમ પ્રારંભિક/ફાઈનલ થયેલ ન હોય તેમજ રીઝર્વેશનનો કબ્જો મુળ જમીન માલિકનો હોવા છતાં દબાણ હટાવી દંડ કરવામાં આવેલતે કયા કાયદા અને નિયમો હેઠળ થયેલ છે તેની માહિતી બાબતે આપેલ જવાબ માત્ર ખુલાસો કરેલ છે. આપેલ માહિતી અધુરી તથા કોઈપણ જાતના કાયદા/નિયમો ટાંકયા વગર આપવામાં આવેલ છે. માંગેલ માહિતી સામે આપવામાં આવેલ માહિતી બિલકુલ સુસંગત નથી તથા કોઈ પણ પ્રકારની માંગેલ માહિતી વગરનો જવાબ ડે.કમિશ્નર (હે અને હો) કક્ષાએથી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો, આપેલ માહિતીમાં કોઈ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૦ તા.૨૪–૬–૦૮ થી ડે.કમિશ્નર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૪૦૬ તા.૩–૭–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૮–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૧,૧૩૨ તા.૧૧–૪–૦૮ તેમજ સા.ઈ.ઝોન/૯૮૭ તા.૧૬–૬–૦૮ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૪૦૪ તા.૩–૭–૦૮ ના રોજ પૂરી પાડેલ પૂરક માહિતી પરથી જણાય છે. આ રીતે જોતાં અરજદારને માહિતી સબંધિત વિગતો પૂરી પાડવામાં આવેલ છે. જેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે. કમિશ્નર (હે.અને હો.)અને જાહેર માહિતી અધિકારી,લીંબાયતઝોન ..... જાણ માટે.
(૨) શ્રી રાજેશભાઈ કે.શાહ,